# ૨૧ સપ્ટેમ્બર –૨૦૧૬ (બુધવાર)

**(૧) સ્માર્ટ સીટીના બીજા તબક્કામાં વડોદરાને સ્થાન :**

– કેન્દ્ર સરકારે અગાઉ ૧૦૦ સ્માર્ટ સીટી બનાવવાની જાહેરાત કરી હતી

– જેમાં પ્રથમ રાઉન્ડમાં ૩૩ શહેરોને સમાવવામાં આવ્યા હતા.

– ત્યારબાદ હવે બીજા સાઉન્ડમાં ૨૭ શહેરોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતનું એકમાત્ર શહેર વડોદરા પસંદગી પામ્યું છે.

**(૨) બરાક–૮ : મિસાઇલ**

– તાજેતરમાં ભારતે આડિશાના સમુદ્ર કિનારે બે મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.

– ભારત એર ડિફેન્સ ક્ષેત્રે પોતાની ક્ષમતાઓમાં વધારો કરવા બરાક–૮ નામની આ મિસાઇલ ઇઝરાઇલ સાથે મળીને તૈયાર કરી છે.

– આ મિસાઇલ માટે ભારત અને ઇઝરાઇલ વચ્ચે વર્ષ ૨૦૦૯માં કરાર થયા હતા જે અંતર્ગત ભારતા ઇઝરાઇલ સાથે મળી આ પ્રકારની ૨૪ મિસાઇલ બનાવશે.

– બરાક–૮ ની ખાસીયત :
મારક ક્ષમતા – ૭૦ થી ૮૦ કિ.મી.
લંબાઇ – ૪.૫ મીટર
વજન – ૨૭૦ કિલોગ્રામ

**(૩) ઋષિરાજ બારોટ – શૂટિંગ :**

– અમદાવાદના યુવા શુટર ઋષિરાજ બારોટે અઝરબૈજાન ખાતે ચાલી રહેલી વર્લ્ડ જૂનિયર શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ જીત્યો

– તેણે ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઈવેન્ટમાં આ સિદ્ધિ મેળવી હતી.

– આ ચેમ્પિયનશીપમા મેડલની યાદીમાં ભારત ૯ ગોલ્ડ ૫ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૪ મેડલ જીતીને બીજા ક્રમે રહ્યું હતું.

– જ્યારે રશિયા ૨૫ મેડલ જીતીને ટોંચના સ્થાને રહ્યું હતું.

**(૪) કબડ્ડી વર્લ્ડકપ અમદાવાદમાં :**

– આગામી ૭ ઓક્ટોબરથી અમદાવાદ ખાતે કબડ્ડી વર્લ્ડકપની શરૂઆત થશે.

– આ માટે ભારતીય ટીમ જાહેર કરાઇ હતી જેમાં હરિયાણાના સ્ટાર રાઇડર અનુપ કુમારને કેપ્ટન બનાવાયા છે.

– જ્યારે ઓલરાઉન્ડર મનજિત ચિલ્લરને વાઇસ કેપ્ટન બનાવાયા છે.

– ૧૪ સભ્યોવાળી કબડ્ડી ટીમમાં ગુજરાતના કિરણ પરમારને પણ સ્થાન અપાયું છે.

– કબડ્ડી વર્લ્ડકપમાં કુલ ૧૨ દેશ ભાગ લઇ રહેલા છે. જેમાં પાકિસ્તાનનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

– ગુજરાતના કિરણ પરમારને વર્ષ ૨૦૧૪માં પ્રો.કબડ્ડી લીગની ફૅંચાઇઝી બેંગલુરુ બુલ્સ ટીમમાં સામેલ કરાયો હતો.

– ભારતીય કબડ્ડી ટીમના મુખ્ય કોચ : બલવાનસિંહ

– કબડ્ડી વર્લ્ડકપમાં ભાગ લેનાર ૧૨ દેશ :

| | | |
|---|---|---|
| ભારત | ઇરાન | સાઉથ કોરિયા |
| બાંગ્લાદેશ | અમેરિકા | ઓસ્ટ્રેલિયા |
| ઇંગ્લેન્ડ | પોલેન્ડ | આર્જેન્ટિના |
| | જાપાન | કેન્યા |

પ્રશ્નો :

(૧) કેન્દ્ર સરકારની યોજના સ્માર્ટ સીટીના બીજા તબક્કામાં ગુજરાતના કયાં શહેરને પસંદ કરવામાં આવ્યું ?
– વડોદરા

(૨) બરાક–૮ શું છે ?
– મિસાઇલ

(૩) બરાક–૮ મિસાઇલ ભારત ક્યાં દેશ સાથે મળીને બનાવશે ?
– ઇઝરાઇલ

(૪) બરાક–૮ની મારકક્ષમતા જણાવો.
– ૮૦ કિ.મી. પ્રતિ કલાક

(૫) ઋષિરાજ બારોટ ક્યાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
– શૂટિંગ

(૬) તાજેતરમાં અઝરબૈજાનમાં ચાલી રહેલા વર્લ્ડ જૂનિયર બેડમિન્ટ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ઋષિરાજ બારોટે કેટલા મિરર ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો ?
– ૨૫ મીટર

(૭) વર્લ્ડ જૂનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભારત કેટલામાં સ્થાને રહ્યું ?
– બીજા સ્થાને (૨૪ મેડલ)

(૮) આગામી કબડ્ડી વર્લ્ડકપ કયાં શહેરમાં યોજાશે ?
– અમદાવાદ

(૯) ગુજરાતના કયાં ખેલાડીને ભારતીય કબડ્ડી ટીમમાં સ્થાન મળ્યું ?
– કિરણ પરમાર

(૧૦) કબડ્ડી વર્લ્ડકપ–૨૦૧૬માં કેટલા દેશ ભાગ લેશે ?
– ૧૨

(૧૧) ભારતીય કબડ્ડી ટીમના મુખ્ય કોચ ?
– બલવાન સિંહ

(૧૨) ભારતીય કબડ્ડી ટીમના કેપ્ટન ?
– અનુપ કુમાર (હરિયાણા)